NAVYUG EDUCATION SOCIETY : SHETH SHREE N. K. MEHTA TRUST
MAHARSHI DAYANAND SCIENCE COLLEGE
Address : Near Kamla Nehru Park, Opp. Lions Hospital, Porbandar – 360 575.
Ph/Fax : 0286-2244593
E-mail : mdscpbr@yahoo.co.in Website : www.mdscience.in

### ઇલેક્ટ્રીશિયન માટેની અગત્યની સુચનાઓ

1. અનામત વર્ગના ઉમેદવારો બિન-અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામત ધોરણો લાગુ પડશે.

**રાષ્ટ્રીયતા :-**

1. ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરવતો હોવો જોઇએ.

**વયમર્યાદા :-**

1. ઉંમર જાહેરાતમાં દાર્શવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારિખના રોજ ગણવામાં આવશે.
2. અરજી સ્વીકારવાની છેલ્લી તારિખનાં ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

**વયમર્યાદામાં છૂટછાટ :-**

- સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમો અનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.
- અનામત વર્ગના ઉમેદવારનો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહિ.

| કેટેગરી | છૂટછાટ | મહતમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીનાં મહિલા ઉમેદવારો | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીનાં પુરૂષ ઉમેદવારો | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીનાં મહિલા ઉમેદવારો (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહતમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારિરીક અશક્તતા ધરાવતા પુરૂષ ઉમેદવારો (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહતમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારિરીક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારો (૧૦+૦૫=૧૫) | ૧૫ વર્ષ | મહતમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારિરીક અશક્તતા ધરાવતી મહિલા ઉમેદવારો (૫+૧૦=૨૦) | ૧૫ વર્ષ | મહતમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારિરીક અશક્તતા ધરાવતી મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | મહતમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારો | | ઉપલી વયમર્યાદામાં તેઓને બજાવેલ ફરજના સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. |

**શૈક્ષણિક લાયકાત** :-

1. ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમનથી અથવા તે હેઠળ સ્થાપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સીટીઓ પૈકી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સીટીઓ ગ્રાન્ટ કમિશન અધિનિયમમાં ૧૯૫૬ ની કલમ 3 હેઠળ ડિમ્ડ યુનિવર્સીટી તરિકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ITI – Electrician/ વાયરમેન ટ્રેન્ડ અથવા ડિપ્લોમા ઇલેકટ્રીકલ એન્જીનિયર પદવી ધરવતો હોવો જોઇએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયાકાત ધરાવતો હોવો જોઇએ.
2. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી સામાન્ય નિયમો 1967 માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરનાં ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.
3. ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું પુરતું જ્ઞાન ધરવતો હોવો જોઇએ.

**કોમ્પ્યુટરની લાયકાત** :-

1. ઉમેદવાર રાજ્ય સરકારનાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૩/૦૩/૨૦૧૬ નાં સરકારી ઠરાવ નંબર, સીઆરાર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગપ થી નક્કિ કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનો કોઇપણ તાલીમ સંસ્થાનાં પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાના અંગેનો કોઇ પણ દિપ્લોમાં ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરિકે હોય તેવા પ્રમાણપત્ર અથવા ધોરણ – ૧૦ અથવા ધોરણ – ૧૨ ની પરિક્ષામાં કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇએ.

**પરિક્ષા પદ્ધતિ** :

1. સંસ્થા દ્વારા નિયત સમય મર્યાદામાં સ્પીડ પોસ્ટથી મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોની રાજ્ય સરાકારશ્રીનાં સામાન્ય વહીવટ વિભાગના (૧) તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક : ભરત / ૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરિક્ષા પદ્ધતિ અનુસાર પરિક્ષા એક તબક્કામાં MCQ પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરિક્ષા લેવામાં આવશે. આ જગ્યા માટે અરજી કરનાર ઉમેદવારોની સંખ્યાનાં આધારે એક સેશન અથવા મલ્ટી સેશન લેવામાં આવશે. મલ્ટી સેશનમાં પરિક્ષા યોજવાનાં સંજોગોમાં યોગ્ય સ્કેલિંગ પદ્ધતિથી મૂલ્યાંકન કરવામાં આવશે. પરિક્ષા : Part - A અને Part – B એમ બે વિભાગમાં લેવામાં આવશે. (પ્રશ્નપત્ર લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે)

**Part – A**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટિઓ તથા Data Interpretation | 30 Marks |
| ૨ | ગાણિતિક કસોટિઓ | 30 Marks |
| | કુલ ગુણ | 60 Marks |

**Part – B**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બાંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેંસન | 30 Marks |
| ૨ | સબંધિત વિષય અને તેની ઉપયોગીતાએ લગતા પ્રશ્નો | 120 Marks |
| | કુલ ગુણ | 150 Marks |

નોંધ : અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

1. Part – A માં કુલ ૬૦ પ્રશ્નો અને Part – B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. Part – A અને Part – B બન્ને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.
2. Part – A અને Part – B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.
3. સ્પર્ધાત્મક પરિક્ષાનાં Part – A માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦ % અને Part – B માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦ % રાખવામાં આવેલ છે. તેમાં કોઇપણ કેટેગરીનાં ઉમેદવારો માટે ૪૦ % માર્કસ કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. પરિક્ષાનાં Part – A અને Part – B માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) મેળવીને ગુણનાં આધારે કુલ જગ્યાનાં આશરે બેગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે સંસ્થા દ્વારા લાયક (Qualify) ગણવામાં આવશે.
4. જે તે સંવર્ગની જાહેરાત અન્વયે સંસ્થા દ્વારા તે સંવર્ગની MCQ પદ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરિક્ષા લેવામાં આવશે.
5. M.C.Q. પરીક્ષામાં ખોટા જવાબ આપનારા ઉમેદવારોને દરેક ખોટા જવાબ માટે 1/4 માર્ક્સની કપાત કરવામાં આવશે. એટલે કે નેગેટિવ માર્કિંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.
6. દરેક પ્રશ્નમાં પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ) નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા ના માગતો હોય તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહીં.
7. જો કોઈ પ્રશ્ન રદ કરવામાં આવ્યો હોય તો, તે પ્રશ્નના માર્કસ દરેક ઉમેદવારોને બાકી રહેલા પ્રશ્નોના ગુણોત્તરના પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.

<u>પગાર ધોરણ</u> :

1. નાણા વિભાગનાં તા.૧૬/૦૨/૨૦૦૬ ના તથા તા.૨૯/૦૪/૨૦૧૦ અને તા.૦૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨) - ઝ.૧ તથા છેલ્લે નાણાવિભાગનાં તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક : ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪) - ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે રુપિયા 26,000/- ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉક્ત ઠરવનાં અન્ય લાભો મળવાપાત્ર થશે. તદઉપરાંત સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : સીઆરાઅર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણાં વિભાગનાં તા.૨૮/03/૨૦૧૬ નાં ઠરાવ ક્રમાંક : ખરચ/ ૨૦૦૨/ ૫૭ / (પાર્ટ-3)/ ઝા-૧, તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીએ અને શરતોને આધીન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષનાં અંતે તેની સેવાઓસંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયનાં સરકારશ્રીનાં નિયમો અનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિઅયમિત નિમનૂક મેકવવાને પાત્ર થશે.

<u>સામાન્ય સૂચનાઓ</u> :

1. ઉમેદવાર અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનાં રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે "રદ" ગણવામાં આવશે.
2. ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો અપલોડ કરે છે. તેની પાસપોર્ટ સાઇઝનાં ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે.(જેમ કે પરિક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)
3. ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે મોબાઇલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે. ભરતી સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ : **https://mdscience.in** ઉપર મુકવામાં આવશે.
4. અચૂક જોતા રહેવું. જરૂરી પરિસ્થિતિ થયે પરિક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારનાં મોબાઈલ નંબર પર SMS દ્વારા અને Email દ્વારા આપવામાં આવશે.
5. ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ નામ, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતાં પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમદવારની ઉમેદવારી સંચાલક મંડળ "રદ" કરી શકશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થેયેલ હશે તો પસંદગી/નિમણૂંક સંચાલક મંડળ / નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઇપણ તબક્કે "રદ" કરવામાં આવશે.
6. સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરિક્ષા કે મુખ્ય પરિક્ષામાં ઉતીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય ત્યારબાદ સરકારશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.
7. પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે તમામ શરતોને નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
8. ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાનાં કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકશે. નિમણૂંક બાબતે તેઓની નિર્ણય આખરી ગણાશે.
9. ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતની) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીનાં નિયમોને આધિન રહેશે.
10. આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગનાં ભરતી નિયમો અને પરિક્ષા નિયમોની આખરી રહેશે.

11. આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

| | |
|---|---|
| આચાર્યશ્રી | મેનેજીંગ ટ્રસ્ટીશ્રી |
| મહર્ષિ દયાનંદ સાયન્સ કોલેજ | શેઠશ્રી એન. કે. મહેતા ટ્રસ્ટ : નવયુગ એજ્યુએકેશન |
| પોરબંદર | પોરબંદર |